● સળંગ અંક ૫૩૭ ● સપ્ટેમ્બર : ૨૦૧૮ ● વર્ષ : ૪૫ ● અંક : ૯

# JAISHUKLESHWER

# જય શુક્લેશ્વર



## અનાવિલ સર્જકો ૧૬

શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ પ્રકાશન - અનાવલ

॥ શ્રી ૧ ॥

મિરલ દેસાઈ

જય જલારામ પ્રિન્ટર્સ

અનાવિલ સમાજ માટે કંકોત્રી માટે
સ્પેશીયલ ડિસ્કાઉન્ટ
આપવામાં આવશે.

ઈન્વીટેશન કાર્ડ | બીઝનેશ કાર્ડ | ચલણ બુક
સ્કુલ સ્ટેશનરી | કવર | કેલેન્ડર
લેટર પેડ | ધાર્મિક પુષ્તકો | અહેવાલ હિસાબ
બીલબુક | હેન્ડબીલ | મોટેલ સ્ટેશનરી

લેટેસ્ટ આકર્ષક વ્યાજબીભાવે કંકોત્રી

કડોદરા, તા. પલસાણા, જી. સુરત. ફોન. ૦૨૬૨૨ ૨૭૧૧૮૦
મો. ૯૮૨૫૨ ૮૦૩૭૯, E-mail : jaijalaramprinters@yahoo.com

ગુજરાતીઓ, ધન્ય મા ગુર્જરી !

ઘરે અનિલ સાથે આ લાઈબ્રેરી વિષે ચર્ચા થઈ. મેં કહ્યું, "આ લાઈબ્રેરીના સર્જન અને વિકાસમાં કોઈ એક વગદાર ગુજરાતી હશે એવું મારું માનવું છે." ત્યારે અનિલે કહ્યું. " યા, એમ જ છે. મારા ગામ પલસાણાના એ અહીંના વગદાર અનાવિલ છે. જયાં લાઈબ્રેરી છે તેજ ટાઉન 'મિલપિટાસ' માં રહે છે. થોડા વર્ષો પહેલા તેઓ બિઝનેસમેન હતા અને 'મિલપિટાસ'ના મેયરપદે પણ રહ્યા હતા. એ દરમિયાન જ આ લાઈબ્રેરી વિકસી, તેમણે ઘણો રસ લીધો અને ગુજરાતી, હિન્દી વિભાગ શરૂ કરી બને એટલી વધુ વાચન સામગ્રી ઉમેરતા ગયા હતા. કમનસીબે તેમને બે વાર સીવિયર હાર્ટ એટેક આવ્યો, હેલ્થ લથડી ગઈ. બિઝનેસ સંકેલવો પડયો. બચી તો ગયા પણ નિવૃત્તિ લેવી પડી. તેમનું પૂરું નામ અનિલભાઈ બળવંતરાય ગુલાબભાઈ દેસાઈ-પલસાણા. તેમતા પત્ની ઈલાબેન ઈશ્વરલાલ હરિભાઈ દેસાઈ, અનિલભાઈ ઈન્ડિયન કલ્ચરણ એસોસિએશનના પ્રમુખ પણ રહી ચૂકયા છે. રૂબરૂ મળી તેમને ધન્યવાદ કહેવાની તીવ્ર ઈચ્છા જાગી. ઘરે ગયા પણ ખરા. પણ તેઓ બહાર ગયા હોય મળ્યા નહીં. પછી પાર્ટીઓમાં બે-ત્રણ વાર મળવાનું થયું વાતો પણ થઈ. ખાસ્સી ઊંચાઈ, ગોરો વાન, પ્રભાવશાળી વ્યકિતત્વ અને હસમુખ ચહેરો હજી આજે પણ ભૂલાતો નથી. અરે એ ગરવા, આદરણીય અનાવિલ હતા. બે વર્ષ પહેલા હનીએ સમાચાર આપ્યા કે અનિલભાઈ, સિનિયર સિટીઝન એપાર્ટમેન્ટ (છેલ્લે ત્યાં રહેતા હતા)ના ફલેટમાં એટેકથી અવસાન પામ્યા હતા. સાંભળી મે દુ:ખસહ અંજલિ આપી.

એક વીકએન્ડમાં દીકરી કહે, "પેલાં સેલીનાસવાળા મધુબેન તમને મળવા આવેલા, તે જતી વખતે તમને બંનેને તેમના ઘરે આવવાનું આમંત્રણ આપતા ગયાં છે. કાલે જઈએ. બપોરે નીકળી સાંજે ઘરે રીર્ટન થઈશું. ઓ.કે. બીજે દિવસે પચાસેક મિનિટ કાર ડ્રાઈવ કરી સેલીનાસ પહોંચ્યા. બટુકભાઈ દેસાઈ અને તેમના પત્ની મધુબેનનો અમને પૂર્વપરિચય હતો જ. અમલસાડ પોસ્ટઓફિસમાં બટુકભાઈ પોસ્ટ માસ્તર હતા. પોસ્ટ ઓફિસની બાજુમાંના એપાર્ટમેન્ટ માં, મારા મોટા સાળી ને સાઢુભાઈની પડોસમાં જ તેઓ રહેતા હતાં. એ બંને પરિવારો વચ્ચે ગાઢ સંબંધ બંધાયો હતો. અમને બારણે ઊભેલા જોયાં કે તરત સહેજ નજીક આવી, બટુકભાઈએ અમને આદરથી આવકાર્યા. આવા ઉષ્માભર્યા આવકારથી મેં હળવાશ અને ખુશી અનુભવી. ઘરમાં પ્રવેશી નિરાંતે બેઠો, ને બટુકાકા મારી સામે બેઠાં. ૭૨-૭૩ વર્ષની વય હશે. લાકડીનો ટેકો લેવા પડતો હશે. ઊંચો પ્રભાવશાળી કાયા હવે લથડી હતી. આંખોમાં હજી પહેલા જેવો ડારો, ને અનાવલાની અકડાઈ અકબંધ હતી. મારા શ્રીમતિએ મધુબેનને તેમની હેલ્થ વિષે પૂછયું, ત્યારે તેમણે ઘૂંટણના વા ની પીડા વિશે જણાવ્યું. પછી તેમણે ખૂબ સ્નેહભાવથી વાતો કરી. મેં બટુકાકાને તબિયત વિશે પૂછયું તો ખડખડાટ હસીને કહે 'જયંતભાઈ છ વાર તો મેં તેમને પાછા કાઢયા ! કહ્યું જાઓ નથી આવતા ! થાય તે કરી લ્યો !' મારો ફૂંફાડો એવો કે ડરીને ભાગી છૂટયા ! પછી વળી આખો ઓરડોભરીને અટ્ટહાસ્ય કર્યું. હું તો ડઘાઈ ગયો. કંઈ સમજ ન પડી. પણ મધુબેને તરત ખુલાસો કર્યો, "એમને છ વાર હાર્ટ એટેક આવી ગયા છે, પણ ઉગરી ગયા છે. હવે સારું છે !" મોત સામે લડી લેવાની તેમની ઝિંદાદિલી મને ખૂબ સ્પર્શી ગઈ. મનોમન મેં તેમને વંદન કર્યાં. અમેરિકામાં પણ તમારી અસલ અનાવલાઈ અકબંધ છે ! ધન્ય

આપવા વિનંતી કરી. તેમણે ગુજરાતી વર્તમાનપત્રો (બે-ત્રણ)ના તાજા અંકો આપ્યા. એ સાથે મે જૂના અંકો પણ મળે એટલા લીધા. પછી તેમણે નવનીત સમર્પણ, કુમાર, અખંડ આનંદ, જનકલ્યાણ અને જય શુકલેશ્વરના નવા અને જૂના અંકો પણ આપ્યા. સહેજ દૂરના ટેબલ પર એક સામાયિક પડયું હતું તે મેં જોયું. નજીક જઈ કવરપેજ પરનું શીર્ષક વાંચ્યું તો મન ઝૂમી ઊઠયું ! એ હતું "ગુર્જરી-ત્રિમાસિક" (સંપાદક - કિશોર દેસાઈ) નામ તો સાંભળ્યું હતું. પણ પ્રત્યેક્ષ જોતાં ચિત્ત અતિ આનંદ પામ્યું. સાથે એના જૂના અંકો પણ લીધા. એમાં એક અંક હતો - "સ્વ. કવિશ્રી સુરેશ જોષી સ્મૃતિવિશેષાંક" વિદેશમાં આવો ઉત્તમ અંક વાંચવા માટે મળ્યો તેથી મેં મારી જાતને ધન્ય માની. મન ખુશ... ખુશ...! દિલ બાગ.... બાગ...! મારા અંતરની આવી લાગણી મે શ્રી અરુણભાઈ સમક્ષ સાભાર વ્યકત કરી ! સાથે મનપસંદ વાચન સામગ્રી આપવા બદલ આભાર પણ માન્યો.

એક રવિવારે સવારે ચા પીતા પીતા મેં દીકરીને પૂછયું, "હની, અહીં આસપાસમાં કયાંક લાઈબ્રેરી છે ? અંગ્રેજી પુસ્તકો હશે તો પણ ચાલશે." તરત અનિલ (જમાઈ) બોલ્યા, "હાં, છેને ! સોરી ! તમને કહેવાયું નહીં પણ અહીંથી વીસેક મિનિટના અંતરે લાઈબ્રેરી છે. રવિવારે પણ લાઈબ્રેરી બપોરે ૨-૦૦ સુધી ખુલ્લી રહે છે. આજે જ આપણે ૧૦.૦૦ વાગે જઈએ. હું એનો મેમ્બર છું. ત્યાંથી વાંચવા માટે ગમતા પુસ્તકો ઘરે લાવી, ત્રણ અઠવાડિયા રાખી શકાશે. વી.સી.ડી. કે ડી.વી.ડી. એક વિક રાખવાની છૂટ. એક મોટી કેરીબેગ લઈ જઈશું" અમારી બાજુના 'મિલપિટાસ' ટાઉનમાં એ લાઈબ્રેરી આવેલી હતી. હું અનિલ, પરીલ (દોહિત્ર) ત્રણે જણ કારમાં બેસી લાઈબ્રેરી પહોંચ્યા. અંદર પ્રવેશી ચારેપાસ નજર ઘૂમાવી અવલોકન કરતો રહ્યો. ચારે તરફ નીરવ શાંતિ ! કયાં ય અલમારી કે કબાટ નહીં ! તાળા ચાવી નહીં માત્ર ઊંચા ટેબલો પર અસંખ્ય પુસ્તકો પડયાં હોય ! હાથમાં લો...મૂકો. ગમે ત્યાં જાવ, કોઈ રોકટોક નહીં. ડાબી બાજુના ટેબલો પર અંગ્રેજી નવલકતા, નવલિકા, નિબંધ, કવિતાના પુસ્તકો કતારબંધ ગોઠવ્યાં હતાં. વળી  અમે કલ્ચર, ઈતિહાસ, શિક્ષણ વિશે પણ ત્યાં પુસ્તકો હતાં. એના બાજુના ટેબલ પર અંગ્રેજી ફિલ્મો અને મ્યુઝિકની ઘણી બધી ઓડયો સી.ડી., વી.સી.ડી. તથા ડી.વી.ડી. મૂકયાં હતાં. બધ્ધું ફ્રી ! એક વીક ઘરે લઈ જાવ. મજા કરો. બાળકો માટે પુસ્તકો, ફિલ્મો, સ્ટોરીની વી.સી.ડી.,ડી.વી.ડી. ત્યાં ખુલ્લા મૂકયા છે. ઘરે લઈ જવાની છૂટ. સહેજ આગળ વધ્યો તો ટેબલો પર હિન્દી નવલકથા, નવલિકા સંગ્રહ, રામાયણ, મહાભારત, ભાગવત ગીતાના ગ્રંથો જોવા મળ્યા. એની સાથે હીટ હિંદી ફિલ્મોની વી.સી.ડી. અને વિડિયો ટેપ જોવા મળ્યા. હિંદી ફિલ્મી ગીતો, ભજનો, ગઝલોની સી.ડી. પણ ત્યાં હતી, મને આશ્ચર્ય તો ત્યારે થયું જયારે મેં ત્યાં હિન્દી ટી.વી. સીરિયલ ખાનદાન, તારા, પરિવર્તનના રેકોર્ડ કરેલા ફૂલ સેટ જોયાં. વી.સી.ડી. સેટ હતા અને અધિક આશ્ચર્ય તો ત્યારે થયું જયારે મેં ત્યાં ગુજરાતી વિભાગ પણ જોયો. પ્રખ્યાત નલલકથાઓ, નવલિકા સંગ્રહો, જીવનચરિત્રો, આત્મકથા, પ્રવાસવર્ણનના પુસ્તકો પણ ત્યાં હતાં. વળી પ્રચલીત ભજનો, ગીતો, ગઝલોની ઘણી બધી ઓડિયો ટેપ અને સી.ડી. પણ હાજર ! ખાસ રાસ-ગરબાની અનેક ઓડિયો ટેપ અને વિ.સી.ડી. પણ હાજર ! મને પેલી કાવ્યપંકિત યાદ આવી, "જયાં જયાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત !" અહીં તો ગુજરાતી સાહિત્યને સંગીત પણ ગુજરાતીઓએ લાવી મૂકયાં છે. વાહ ! ધન્ય

તેમના જોબ વિષે, શેરબજાર વિશે અને તત્કાલીન આર્થિક પરિસ્થિતિ વિષે ચર્ચા કરતા રહ્યાં. હું ને શ્રીમતિ મૂક શ્રોતા બની બેઠાં રહ્યાં. પછી એકાએક પ્રશ્ન પૂછાયો, "અંકલ સોરી ! પણ હવે કહો શું લેશો ? ઠંડુ કે ગરમ ?" મને મનમાં થયું "ઠંડા તો અમે કયારના થઈ ગયા છે ! અને ગરમ થવું અમને પાલવે એમ નથી." પણ પ્રગટ પણ મેં કહ્યું "ના, કંઈ નથી લેવું, થેંકસ !" થોડી મિનિટો પછી અમે તેમની વિદાય લીધી. ઘરે પહોંચ્યા પછી દીકરી કહે, "પપ્પા મને લાગ્યું તમે બોર થઈ ગયા હતા. પણ અમારે તો અહીં ફોર્માલીટી નિભાવવી પડે છે.". મેં કર્યું, ડોન્ટ વરી હની. હું ઓ.કે. છું. લાગે છે અહીં નવા નવા અનુભવો થતા રહેશે, એમાના એકની શરૂઆત અહીંથી થઈ ! અનિલ (જમાઈ) કહે, "તમે જલ્દી અહીં એડજસ્ટ થઈ જશો, મૂંઝાશો નહી. અહીં દરેકને જોબ કરવો જ પડે ને સાચવવો પણ પડે. વખત જતાં બધા અહીં જોબ માઈન્ડેડ થઈ જાય છે. નો વે સોશ્યલ લાઈફ અહીં નથી એવું નથી છે પણ ઈન્ડિયા જેવી નથી. કબૂલ. ઘરને જીવન માટે અહીં જોબ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પપ્પા, અહીં જોબ એ જીવન છે. ભારતમાં એક સૂત્ર વારંવાર વાંચવા ને સાંભળવા મળે - "જળ એજ જીવન છે" અહીં મને નવું સૂત્ર મળ્યું, "જોબ એ જ જીવન છે!"

આ થઈ સિકકાની એક બાજુ, હવે સિકકાની બીજી બાજુ ! મને પેલી અંગ્રેજી ઉકિત યાદ આવે અને ઉદ્વીગ્ન ચિત્ત શાતા અનુભવે ! Every desert has oasis somewhere in the vicini પણ કેટલાક અનાવિલ પરિવારો અમારી સાથે આદર ને સ્નેહથી લર્તતી. વળી કહેતા પણ કે, 'કંઈ પણ કામકાજ હોય તો જરૂર જણાવજો" ત્યાં કોઈ ને કોઈ નિમિત્ત પાર્ટીઓ થતી રહે - જેમકે બર્થ-ડે, મેરેજ એનિવર્સરી, બેબી સાવર, મેરેજ રીસેપ્સન વગેરે, ન્યુ યર સેલીબ્રેશન પણ થાય. નવરાતમાં ગરબાની રમઝટ બહુધા મંદિરોમાં જામતી હોય છે. આવે પ્રસંગે ઘણા અનાવિલ ફેમિલી સાથે નવા પરિચય થાય. જૂના ગાઢબને. આમ એક-બે ફેમિલી સાથે નિકટના સંબંધો બંધાયા હતા. તેઓ ઘણીવાર ડીનર માટે આમંત્રે. ત્યારે દીર્ઘ વાર્તાલાપની મજા માણીએ...! ત્યાં ઘર જેવું જ વાતાવરણ અનુભવાય. ખૂબ હળવાશ માણીએ...! એવા એક પરિવારનું સ્મરણ વીસ વર્ષ પછી પણ પ્રસન્નતા અને આદરપૂર્વક તારોતાજા જળવાયેલું છે. પાર્ટીઓમાં કે અન્યત્ર તેમની સાથે મુલાકાત થતી રહેતી હતી. તેઓ ઘરે પણ આવતા, ખબર પૂછતા અને વાતો કરતા. એકવાર પૂછયું, "જયંતભાઈ, તમે ઉદાસ હો એવું લાગે છે, શું વાત છે ? જે મૂંઝવણ હોય તે કહો. 'મેં કહ્યું, "સતત વાંચવાની મારી ટેવ અહીં ટલ્લે ચડી ગઈ છે ! વાચન વિના નથી રહેવાતું. પણ શું થાય ? નિભાવી લઉં છું". એમણે તરત કહ્યું, "એમ છે ? તો આવતા રવિવારે અમારે ત્યાં આવો. સાથે જમીશું ને કદાચ તમને ગમે એવી વાચન સામગ્રી પણ આપીશ. જરૂર આવજો." તેઓ છે આદરણીય શ્રી અરુણભાઈ દયાળજી રણછોડજી દેસાઈ ! અહીં ઈન્ડિયામાં તેમતું વતન હાલર-વલસાડ છે. અમેરિકામાં આવ્યા પહેલા તેઓ વલસાડની સાયન્સ કોલેજમાં પ્રોફેસર હતા. ઘણા વર્ષો તેમણે ત્યાં સેવા આપેલી. સ્વભાવે સરળ, નિખાલસ, પરગજૂ અને સાદગીભર્યા ! તેમનાં પત્ની ઈલાબેન ઠાકોરભાઈ બળવંતરાય દેસાઈ-આદરણીય આપ્તજન જેવાં ! તેમના સ્નેહભર્યા મળતાવડા સ્વભાવથી તેમનું ઘર અમને પોતાનું લાગતું. ઈલાબેનનું પિયર તે બિલીમોરાનું જાણીતું માનીતું ઘાસવાળા ફેમિલી ! એ રવિવારે તેમની સાથે બે-ત્રણ કલાક વીતાવ્યા હતા. મન ભરી વાતો કરી. મેં તેમને વાચનસામગ્રી

# સિલિકોન વેલીના અતુલ્ય આદરણીય અનાવિલત્રય

– જયંત ધી. નાયક, ગંધોર

ઈ.સ. ૧૯૯૭માં અમને બંનેને (હું ને મારા પત્ની) ને અમેરિકાના ઈમિગ્રેશન વિઝા મળ્યા ત્યારે મનમાં આનંદ થયો હતો. યૌવનના આરંભકાળથી અમેરિકા જઈ, તેને જોઈ જાણીને માણવાની ઘેલછા જાગી હતી. હવે જયારે ત્યાંના વિઝા મળી ગયા અને ત્યાં જવાના દિવસો જૂજ બાકી રહ્યા, ત્યારે ચિત્તમાં ઉદ્‌વેગ જાગ્યો કે ત્યાં ફાવશે કે ? ગમશે કે ? રહેવાશે કે ? ખાસ મૂંઝવણ એ વાતની હતી કે ત્યાં રહેતા સંબંધીઓ, પરિચિત અનાવિલો સાથે મનમેળ સધાશે કે ? સાંભળ્યું હતું કે ત્યાના એન.આર.આઈ.ઓ. ભારતથી આવનારને દેશી કહે છે. મળવાનું થાય ત્યારે જરા અતડા રહે, ખપપૂરતી જ વાતો કરે ને અકડાઈ છોડે નહીં. અહીં વતનમાં આવે ત્યારે પણ તેઓ મિત્રો, પરિચિતો, ઘરના સ્વજનો સાથે પણ બહુ ભળે નહીં. અતડા અતડા આમતેમ હરીફરીને ટૂંકી લાતચીત કરે. જાણે બોર થઈ ગયા ન હોય ! ખુલીને કોઈ સાથે વાત નહીં,. અમેરિકા પરત જવાના દિવસો ગણતા રહે.

નિશ્ચિત દિવસે હળવાશથી એરપોર્ટ પહોંચ્યા. નિયત સમયે 'ચેક ઈન' ની વિધિ પતાવી ત્યાંના ઓફિસરને વિનંતી કરી. "પ્લીઝ ગીવ અસ વિંડોસીટ ! વિંડોસીટ" તેણે જરા સ્મિત કર્યું. થોડી ક્ષણો પછી અમને બોર્ડિંગ પાસ આપ્યા. તેમાં અમારા સીટ નંબરો જોયા. મેં તેમને થેન્ક યુ, કર્યું. સમયસર પ્લેનમાં બેઠાં. ખરેખર મને વિંડોસીટ મળી હતી. આનંદ થયો, પછી પૂરપાટ ઝડપે પ્લેન દોડયું અને રનવે ના છેડેથી ટેક ઓફ થઈ ગયું ! થોડી વાર અમે નિરાંતે સીટમાં બેસી રહ્યાં. ચિત્તમાં ખુશી હતી. વિન્ડોમાંથી નીચે જોયું તો વાદળીઓ ત્યાં ઝૂમી રહી હતી ! ચિત્ત પ્રફુલ્લ ! મારા મુખમાંથી સહસ પેલા ગીતનું મુખડુ ટપકી પડયું, "આજ મેં ઉપર આસમાન નીચે .... આજ મેં આગે, જમાના હૈ પીછે..."

સાન ફ્રાન્સીસ્કો એરપોર્ટ ઉતરી, ચેક આઉટની વિધિ પતાવી દીકરી, જમાઈ અને દોહિત્ર મળી અમને વેલકમ પપ્પા-મમ્મી કહી પ્રેમથી રીસીવ કર્યાં. ત્યાંથી સાન હોઝે ટાઉનમાં આવેલ ઘરે પહોંચી ગયા, ત્યાં આરામથી વાતે વળગ્યા. મોડી સાંજે અંગત સંબંધીઓના ફોનકોલ આવતા થયા.

બે દિવસ પછી વળી એક ફેમિલી મળવા આવ્યું. ન હેન્ડશેક કે ન નમસ્કાર ! સીધુ જ પૂછયું, "અંકલ આંટી કેમ છો ? મજામાં ? અહીં ગમે છે ને ? રડવું તો નથી આવતું ને ? બાકી ઘણા નવાસવા આવનારા તો ઘરગામ યાદ કરી રડતા હોય છે. ડોન્ટવરી ! ધીમે ધીમે ફાવી જશે". અમારા જવાબની કે પ્રતિભાવની જાણે તેમને કંઈ પડી જ ન હતી. મને જરા વસમું લાગ્યું. સાવ ઔપચારિકતા ! પણ એની શી જરૂર ? ઠીક છે મે મન મનાવ્યું. "ભલે તમે માનો છો કે તમે કંઈક છો અને અમે કંઈ નથી." ભલે. એઝ યુ વિશ ! થોડા આવનારાઓએ કહ્યું "હીનાબેન તમારા મમ્મી-પપ્પાને એક દિલસ અમારા ઘરે લઈ આવજો. પ્લીઝ ફોન કરજો."

અને એક રવિવારે અમે દીકરી જમાઈ સાથે પેલા સંબંધીને ઘરે મળવા ગયાં. એઓ રાજી થયા હોય એવું મને ન લાગ્યું. તેમણે પૂછયું, "અંકલ, તમે બંને હવે અહીં એડજસ્ટ થઈ ગયા કે નહીં ? થવું જ પડશે. "નો વે" અમારા ઉત્તરનીઅપેક્ષા ન હોય તેમ દીકરી જમાઈ સાથે

# વીણેલા સુમન

(૧)
પીડા વગર જતું નથી કોઈનું જીવન
કાંટાથી ન વિંધાયું એવું સુમન કયાં છે ?

(૨)
ઉદય ને અસ્ત નામના બે કિનારા
વચમાં વહે પ્રવાહ જે તે છે જીવન !

(૩)
ઝંઝાવાતી જીવન છે, શીદને હું ગભરાઉં
શ્રધ્ધાબળે હું મંઝિલે પહોંચી ગીત વિજયી ગાઉં
પારિતોષ ભરી મમ અંતરમાં હું ગીત પ્રીતનાં
ગાઉ

(૪)
દીકરી મીનાના બુઝાતા દીપને જોઈ સ્ફૂરેલું
"જોઈ રહું છું હર પળ બસ જિન્દા લાશ
જોઈ રડું છું હર પળ બસ સુકાતી લીલાશ
ઉર્મિના ધબકાર હાંફી રહ્યા સુમન,
જીવન કોશમાં ન મળે શબ્દ શોધ્યો હાશ !

(૫)
પાનખરનાં પાંદડા ખરતાં નિહાળો
'સુમન' જીવન મર્મ સમજાઈ જશે

(૬)
દર્દને સમજવું કેટલું કઠિન 'સુમન'
પથ્થરનો નહીં, માર ફૂલોનો પડે.

એક કળી મુરઝાઈ : સુમંતરાયના ગઝલ સંગ્રહ અંગે 'ઉશનસ'જી લખે છે :

"શ્રી સુમનભાઈને કવિ તરીકે કોઈ મહત્વકાંક્ષા નથી. પણ એમને કવિતામાં જીવંત રસ છે એટલે લખતા રહે છે.

આ ગઝલસંગ્રહ એક એવા ખાનદાનના સભ્ય પાસેથી આપણને મળે છે જયાં કાવ્યશાસ્ત્રવિનોદથી ગૃહજીવન ગુંજતુ રહે છે. કોઈ મહત્વકાંક્ષા વિના જે કેવળ કવિતાપ્રેમનું આ પરિણામ છે તેથી મને આવકારતાં આનંદ થાય છે

- ઉશનસ

## કવિ હૃદયના પડઘા

મિલેનિયમના મોનિયામાં રંગીન બની રાત
ગરીબી ઓઢી ઠુંઠવાયા અનેક આખી રાત

ધન મેળવે લોકો ધરમને આગળ કરી
મૂર્તિ ફોટો વેચાય બજારે ઈશ્વરની કિંમત નથી.

આકાશના ગ્રહો નડતા નથી જેટલા
પૂર્વગ્રહો, દુરાગ્રહો નડતા હોય છે.

ખબર નહીં, અંગત વાતો શેરીએ ગવાતી થઈ
હતી એ બધી અફવાઓ, સાચી મનાતી થઈ
ઈચ્છા તો બહુ હતી કોઈને કહેવાની સુમન
એ વાત કહેવા માટે જ આ ગઝલો લખાઈ ગઈ

# કવિતામાં જીવંત રસ ધરાવનાર

**– સુમંતરાય ડી. દેસાઈ**

નામ : સુમંતરાય ડી. દેસાઈ
અભ્યાસ : બી.કોમ. પોદ્દાર કોલેજ, મુંબઈ
નિવાસ : દેસાઈ બિલ્ડીંગ, બિલીમોરા
વ્યવસાય : અતુલ, વલસાડમાં નોકરી
નિવૃત્તિ બાદ : ઝાડેશ્વર, ભરૂચ

લખે છે : "હું કવિ નથી, પરંતુ મારામાં એક પ્રકારની સુષુપ્ત શકિત હોતાં પ્રકૃતિ અને લોકોના પ્રેમને કારણે કવિતા લખતો થયો."

પ્રકાશન : બે કાવ્ય સંગ્રહ

(૧) સુમન ઊર્મિ યાત્રા : ૨૦૧૨
વિમોચન ૧૭ જુલાઈ ૨૦૧૨
દયાળજી હોલ, સુરત
પ્રાકકથન : પ્રો. સૂર્યકાન્ત શાહ (સુરત)

(૨) એક કળી મૂરઝાઈ
આશિષ : ઉશનસ (વલસાડ)
પ્રો. સૂર્યકાન્ત લખે છે :

સુમંતભાઈની "એક ખર્યા પુષ્પની સુવાસ' થી માંડી 'અલવિદા' સુધીનો ૮૩ રચનાઓ મેં માણી.

આ રચનાઓમાં વિરહથી તડપતા, આશાવાદી અને સ્નેહનો પમરાટ ફેલાવતા 'સુમન' આબેહુબ પ્રગટ થાય છે. વિરહના મૂળમાંનો પ્રેમ એટલો તીવ્રપણે પ્રગટ થાય છે કે પત્નીની ગેરહાજરીમાં પણ જાણે એઓ અદ્વૈત માણી રહ્યા છે. એમની દિલરૂબા હજી એમની આસપાસ જીવંત લાગે છે કહે છે :

"મને કોઈ ભૂલી જાય તો ફરિયાદ નહીં,
પણ ખબર નથી કોની મને યાદ આવી."

વિષાદ જયારે ઘેરો બને છે ત્યારે એમને જીવન ભારરૂપ જણાય છે ને કહી ઊઠે છે :

"આ કોમળ હૃદય તરફ નથી કોઈ જોનાર,
લાગે જીવન નકામું છે, તો મરવું બહેતર"

સુમનનો પમરાટ હજી વિકસે અને હજી પણ ઉચ્ચ રચનાઓ સમાજને અર્પે એ અભ્યર્થના."


'સુમન ઊર્મિ યાત્રા' માંથી

---

## એક ખર્યા પુષ્પની સુવાસ

"કેવી રીતે વિસરી શકું સ્મરણની સુવાસ
સદા મનમાં વસી એકજ કુસુમની સુવાસ
હા પુષ્પને ખીલીને કરમાવ્યું પડે એ કુદરતી છે
હવે માણી શકીશ નહીં કયારેય એ પુષ્પની સુવાસ
દર્દ દિલાસા જુદાઈમાં અનુભવી રહ્યાં એ સ્મિત
એ સર્વમાં કોઈ ઓર સમાઈ સ્નેહની સુવાસ

કુસુમ : કવિની પત્નીના અવસાનનો પ્રતિભાવ



---

**સદ્‌ગત માતૃશ્રી તારાબેન અમ્રતલાલ દેસાઈ તથા પિતાશ્રી અમ્રતલાલ મણિભાઈ દેસાઈ, કણબાડ મુંબઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રી અજીતભાઈ રતિલાલ દેસાઈ ધમડાચી - બોરીવલી, મુંબઈ

અતૃપ્ત રહેલી ઉર્મિના સ્નેહ સંચારે
'જીગ્સ'ની પ્રતિક્ષાને નારણ મળે....

(૪)
સર્વિસ... એક ખુમારી
સર્વિસનો પહેલા દિવસ
જાણે મનને ઉભરાતો અજંપો...
કંઈ કરી છૂટવાની ભાવના
એક ખુમારી...
સર્વિસના એ વરસો કંઈક
કેટલાક સંભારણા...
તનમનથી સેટ થયાં કે
ન થયાં..ત્યાં તો
બદલીના ભણકારા
નવી નવી જગ્યાએ અલગ અલગ
વ્યકિત સાથે મેળાપ...
બદલી થતાં વિખૂટાં પડયાંનો
વિરહ...
સાથે અસંખ્ય યાદોનું ભાથું..
નોકરીનો એ છેલ્લો દિવસ..
પ્રમાણિક રહયાની ખુમારી..
કંઈક કરી છૂટયાની ભાવના...
વિદાયવેળાની એ ક્ષણને...
વળી, ફરી નિવૃતિની પળ...
ફરી પાછો એ જ અજંપોને...
ફરી પાછા એ જ પડાવ...
સાથે એક ખાલીપો...

■

# અડધી આલમ !

– બકુલા ઘાસવાલા, વલસાડ

તમે કોને તહસનહસ કરવા માંગો છો ?
તમે કોને તહસનહસ કરવા માંગો છો ?
અડધી આલમને ?
એ સર્જકને જેના ગર્ભકમળમાં તમે પાંગર્યાં અને
ખીલ્યાં !
તમારી અન્નપૂર્ણા
તમારી ધાત્રી,
તમારી પૂષા,
તમારી શકિત,
તમારી દુહિતા
તમે આમને અદ્રશ્ય કરવા માંગતા હતા ?
અને એમની અસ્મિતાને પડકારવા માંગતા હતા?
જો તમે એમ જ કરતા રહેશો તો
એ
ધરતીમાં સમાશે નહીં !
ધરતી જ ફાટી પડશે,
ત્યારે
એ
અગનપંખીની જેમ અંગારે પ્રગટશે !
ને
બમણા વેગે સુનામીની જેમ ત્રાટકશે
ને
એલાન કરશે કે
જાઓ,
હું મારી સર્જકતાનો ત્યાગ કરું છું !
ત્યારે,
શું તમે જ તહસનહસ નહીં થઈ જાઓ ?

---

**સદ્ગત મોટામામા હસમુખરાય, નાનામામા રમેશચંદ્ર અંબેલાલ દેસાઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પ્રેમલ દેસાઈ હરિયા હાલ જર્મની

# અછંદાસ રચના

– જીગીષા દેસાઈ

બંધ પડેલો કબાટ....
બંધ પડેલા કબાટનું
તાળું ખોલતા...
તિજોરીમાંના જૂના સિકકા
ગબડિયાં....
સાથે યાદોનું પરબીડિયું ખૂલ્યું...
સ્મરણના ખાનામાં બંધાયેલા
પોટલામાંથી અગણિત લાગણીઓની
ઘડી ખૂલી....
ઈચ્છા, અનિચ્છાઓના
સરવાળા મંડાયાને...
હૈયુ સુંવાળી પળોનો
હિસાબ કરતું રહ્યું....
બંધ પડેલા કબાટનું તાળું ખોલતાં....

(૧)
જીંદગી
સપનાના બજારમાં તમન્નાઓ ફળતી રહે કે..
નીંદરમાં જીંદગી જીવાઈ ગઈ.... (૧)

દોસ્તીના મોસમમાં મસ્તીનું વાવાઝોડું શું આવ્યું..
દોસ્ત સંગ જીંદગી જીવાઈ ગઈ...(૨)

જીવન પથ પર મુશ્કેલીના ઢગલાં
વિખેરાતાં ગયા કે...
ધીરજની ખાઈ સંગ જીંદગી જીવાઈ ગઈ... (૩)

શ્રધ્ધાના બળે પ્રાર્થનાઓ રચાતો ગઈ કે..
પરમાત્મા સંગે જીંદગી જીવાઈ ગઈ.... (૪)

ફિલસૂફી જીવનની કંઈક એવી રહે કે..
હસતાં મુખે જીંદગી જીવાઈ ગઈ.... (૫)

(૨)
મૌન છે અંગતનું ભાર ઉપાડું હું,
શબ્દો છે ઉછીના ખાર ઉપાડું હું....
છળે છે લાગણીઓ મુજને ત્યાં
તૂટે જયાં વિશ્વાસ માર ઉપાડું હું....
જરૂરી નથી સાબિતી આપવી મારે
જીંદગીની કસોટીઓ પાર ઉપાડું હું....
મોક્ષપંથે જવાં ઈચ્છું હું એકલપંડે
માયાએ સચરાચરનો ભાર ઉપાડું હું....
ઓક્ષપોને ઉકેલી રહું જયાં ત્યાં
'જીગ્સ' પીડન અસંખ્ય વાર ઉપાડું હું..

(૩)
તને ચાહવાનું કંઈક કારણ મળે
તને પામવાનું કેઈક તારણ મળે.....
મારી અનહદ ચાહવાની લાગણીને
બિનઅધિકૃત સ્પર્શનું મારણ મળે....
મારા હરખ અશ્રુંના થનગનાટને
રોકવા નેણ પલકારે ભારણ મળે....
મૌન મઢેલા શબ્દે વાચાના આલિંગને
અસંવાદિત પ્રણયને કાવ્યનું તારણ મળે...

**સદ્ગત ધર્મપત્ની અં.સૌ. મણિબેન મગનલાલ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પતિશ્રી મગનલાલ નાથુભાઈ નાયક – વાસણ, તા. ગણદેવી

# જીગીષા સમીપ દેસાઈ

પૂરુ નામ : જીગીષા સમીપ દેસાઈ
જન્મ તારીખ : ૨૭/૦૯/૧૯૭૪
જન્મ સ્થળ : સુરત
માતાનું નામ : ગીતાબેન
પિતાનું નામ : બળવંતરાય
પિયરનું ગામ : પલસાણા, જી. સુરત
સાસરું : ભાટિયા
અભ્યાસ : બી.એસ.સી. માઈક્રોબાયોલોજી
વ્યવસાય: સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, લેબ ટેકનિશ્યન્, વી.બી.ડી.સી. વિભાગ, મસ્કતિ હોસ્પિટલ, ભાગળ
સરનામું : ૧૬, ચાયના રો-હાઉસ, ક્રાંતિપાર્ક એપાર્ટમેન્ટની બાજુમાં, કેનાલ રોડ, ન્યુ સીટી લાઈટ, સુરત. પીન - ૩૯૫ ૦૧૭.
સંપર્ક : ૯૯૨૫૫ ૫૫૨૦૫, ૦૨૬૧ ૨૨૬૬૫૫૦
ઈ-મેઈલ : jigishasamip@gmail.com

## લાગણીની માપણી

**– જીગીષા દેસાઈ**

તારી મારી લાગણીની માપણી ખુદ ઈશ્વરે કરી
જોયું તો એ પડી ગયો અચંબામાં
માપિયું ઉભરાતું હતું...

શમણાંઓના દેશમાં જઈ ચઢી જોતું તો,
નશકોરાં ઢોલ વગાડતાં હતાં...
ને નીંદરાદેવીનો રાજયભિષેક
થઈ રહયો હતો..

મૌનનો અનુવાદ કરવા શબ્દોની સંસ્થા
આખી આવી..
ઘોંઘાટને કયાં ખબર છે, એકાંત શું છે ?

ધરતીને ચુમવા ગગન ધારાએ વરસે..
આટલું, તે વ્હાલું કોઈ હોતું હશે ??

મૈયતમાં ચાર કાંધા શું મળ્યા...
લાગ્યું કે જીંદગી જીવી ગયા...

છબીને કયાં જરૂર છે દર્પણની..
એને તો જરૂર છે દિલના તર્પણની

ચાલ હવે આ જીવનને કંડારું...
કે હવે, મનને બીજે કયાંક વળાંક આપું.
મૃગજળનો આભાસ સમા આ...
જીવનપંથને ઝાકળભીનાં પોતાં મારું

મનના અભદ્ર વિચારોની નગ્નતાને
આજનો માણસ દંભકેરા સ્મિતના
કપડાં પહેરાવે છે...

જીવન રંગમંચ પર..
"સરસ મજાનું નાટક હતું
એ પ્રેમનું...
અચાનક (મૃત્યુ) કોઈ આવી
પડદો પાડી ગયું..." ■

**સદ્‌ગત માતૃશ્રી લલિતાબેન તથા પિતાશ્રી ધીરજલાલ ગુલાબભાઈ દેસાઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રી રણજીત ધીરજલાલ ગુલાબભાઈ દેસાઈ, અટકપારડી – મુંબઈ

# ''આ વાટ અમુને ફિટ લાગે...'

ઘોલવડ-વલસાડ વિસ્તારની ચીકુની વાડીઓના માલિક ઈરાની શેઠના અચરજની આજે કોઈ સીમા નહોતી.

શેઠની વાડીમાં કેટલાંય મજૂરો રોજીઆણો (રોજના પગારને ધોરણે) કામ કરે, તેમાંના કેટલાંક આદિવાસી સ્ત્રી-પુરુષો પોતાના મામૂલી પગારમાંથી પણ રોજના પાંચપાંચ રૂપિયા છેલ્લા છ મહિનાથી કપાવતા હતા. ઈરાની શેઠને એમ કે કોઈ "અલ્પ બચત" જેવી યોજનાવાળા એ લોકોને સમજાવી ગયા હશે. ચાલો, એય સારું જ છે. બચત કરશે તો રોજ તાડીના પટ્ટે (અડ્ડે) જઈ ઢીંચવામાં તો પૈસા નહીં ગુમાવે ! બે પૈસા બચ્યા હશે તો છોકરાં સારાં કપડાં પહેરશે અને પ્રસંગે એમને જ ખપ લાગશે.

પણ આ આદિવાસીઓનો પ્લાન કંઈ જુદો જ હતો, એ તો એમાંના એક રમલાએ આજે ફોડ પાડીને કહ્યું ત્યારે સમજાયું ' 'શેઠ ! માફ કરજે. તારે તાં વરહોથી વેઠ કરીને ને તું અમારું પેટ પૂરે. પન ટારા હાટુ અમુને કોઈ ભાવ ની મલે, ને અમારી જાત હો એવી કે લાગ મલે ટારે ચોરી હો કરી લેવાની. એમાં કાંઈ શરમ ની. ભાજી, ચીકુ, આંબા....અને કો'કવાર તો શેઠ, તારું હઠિયાર બી વેકી મારેલું, હા !.... પન આ ભલું થજો અમારા ડાડાનું કે ટેમની વાટુ લઈને આ વાસુકાકા અમારે ટાં પાડામાં (વસ્તીમાં) આઈવા ને ભગવાનની ને સ્વાદયાયની હારી હારી વાટો કીઢી. તેવાંએ શીખડાઈવું કે ભગવાન આપડી અંડર આવીને આપડને સંભાલે. દૂધની અંદર ઘી હોય, પન તે કંઈ હીદું દેખાઈ ની. તેવી રીતે એ વાલો બી પડી અંડર આપડી હાઠે ને હાઠે જ રીયે, પન ડાયરેક્ટ જોવા ની મલે. પન અંડર એ હોય તો ખરો જ.

"એક વાર ટેમની વીડીઓ કેસેટમાં વાટ કાઢી કે મનેખ પાપી હોય તો બી ભગવાન માફ કરવાનો. પન એક વાર આપડને હમજ મલીયા પછી બેઈમાની ના ઠાય, અને પછી માફી બી ના મલે. આ વાટ અમુને બરોબર ફિટ લાગે. તેથી વિચાર કીઢો કે આપડે ઈરાની શેઠનું બહુ બધું લાટેલું છે, તે બધું તો નઈ પન ફૂલ નંઈ ને ફૂલની પાંખડી પાછું વારવું જોવે. તે વિના અવે ની ચાલવાનું. તેઠી એમે બધા આ છ મહિનાથી રોજના પાંચ રૂપિયા તારી કને કપાવતા છે. એ પૈહા તારા જ છે ને તું રાખજે. અમુને બધ્ધાને માફ કરીને અમારું પ્રાયશ્ચિત કરવા ડેજે." ■

## જનની

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તે મોરી માત રે,
જનનીની જોડ, સખી ! નહિ જડે રે લોલ...
અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વહાલનાં ભરેલાં એનાં વેણ રે.
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે...
મૂંગી આશિશ ઉરે મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લહાણ રે...
ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે.
વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે.
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ, સખી ! નહિ જડે રે લોલ.

- દામોદર ખુ. બોટાદકર

**સદ્ગત માતૃશ્રી મધુબેન, પિતાશ્રી અંબેલાલ દયાળજી નાયક સુલતાનપુર હાલ અમદાવાદના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** નીલાબેન નાયક હરિયા હાલ જર્મની

# બાળકના ઘડતરમાં ઘર

**– ઝીણાભાઈ દેસાઈ, 'સ્નેહરશ્મિ'**

બાળક શાળામાં જતો થાય તે પહેલાં એની સમજ અને એના જ્ઞાનનો પાયો સુદ્રઢ રીતે નંખાઈ ગયો હોય છે. અભિમન્યુએ ગર્ભમાં રહ્યાંરહ્યાં કોઠાવિદ્યાનું જે જ્ઞાન મેળવેલું તે કોઈ કવિકલ્પના ન હતી, પણ મનોવિજ્ઞાનનું એક મોટું સત્ય હતું. એ આજના શિક્ષણ શાસ્ત્રીઓએ સિધ્ધ કરેલું છે. આથી ઘરની સૌથી પહેલી ફરજ બાળકનો સ્વાભાવિક વિકાસ થઈ શકે એવું વાતાવરણ સર્જવાની ગણાય.

બાળક પોતાની આસપાસના વાતાવરણમાંથી પોતાના વિકાસ માટેનાં સાધનો મેળવતું હોય છે. મનુષ્યને મળેલી એક મહાન ભેટ તે વાણી દ્વારા પોતાના વિચારોને અભિવ્યકિત આપવાની એની શકિત. ભાષા દ્વારા સર્જાતી આ ક્રિયામાં ઘરમાં વપરાતી ભાષાનો ઘણો મોટો ફાળો હોય છે. આથી ઘરમાં થતી વાતચીત અને અન્ય વાણીવ્યવહાર બાળકોના ભાષાજ્ઞાનના પાયારૂપ બને છે.

ઘરમાં થતી વાતચીત અને તેમાં વપરાતી ભાષાની જેમ બાળક પર અસર થાય છે તેમ કુટુંબમાં એકબીજાં સાથેના વ્યવસરની, આડોશી-પાડોશી સાથેના વ્યવહારની અને માનવસંબંધોમાં થતાં વિવિધ આદાનપ્રદાનની પણ બાળકના મન ઉપર સતત અસર થતી રહે છે અને એનાથી એનું રુચિતંત્ર ને વર્તન ઘડાય છે.

મોટેરાંઓ પોતાને મનફાવે ત્યારે નાનેરાંઓ પાસેથી કામ કરાવવાનો પોતાનો અબાધિત અધિકાર લેખે છે. આની બાળક પર કેવી અસર થતી હોય છે એનો એક નાનકડો કિસ્સો નોંધુ : 'મારા એક મિત્રની સાત-આઠ વર્ષની દીકરી એક ચિત્ર દોરવામાં નિમગ્ન હતી. હું અને તેના પિતા વાતો કરતા બેઠા હતા. તેના પિતાએ એને કહ્યું, "નીતા, જા તો પાણી લઈ આવ !" જેણે જવાબ આપ્યો : 'પપ્પા ! મારું ચિત્ર અધૂરું છે. તમે જ લઈ આવો ને !" બાળક પાસેથી કામ જરૂર લેવું, પરંતુ એને પોતાને પોતાના રસનાં આગવાં ક્ષેત્રો પણ હોય છે એ ભૂલી જઈ આપણને ઠીક લાગે ત્યારે આપણે એને ગમે તે કામ ચીંધીએ, તો બાળકના વિકાસમાં અવરોધ અવશ્ય ઊભા થાય છે.

બાળકને વાત સાંભળવી અને વાત કહેવી ગમતી હોય છે. જગતનું બાલસાહિત્ય આ દ્રષ્ટિએ ઘણું સમૃધ્ધ છે. બાળકની કક્ષાને અનુરૂપ ઘરમાં નાનકડું બાળપુસ્તકાલય જો વસાવી શકાય, તો આવું પુસ્તકાલય અનેક રીતે બાળકના વિકાસમાં ફાળો આપી શકે. એ સાથે કુટુંબમાંથી કોઈ ને કોઈ વ્યકિત બાળકોને રોજ એકાદ નાનકડી વાત કહે તો બાળકોની કલ્પના, ઊર્મિઓ અને જીવનદ્રષ્ટિને ઘણી મોટી પ્રેરણા મળે. 'રામાયણ' અને 'મહાભારત'ની કથાઓ તો બાળકોને ગળથૂથીમાંથી જ મળતી થવી જોઈએ.

આમ, શાળા કરતાં પણ વધુ સમૃધ્ધ એવી કેટલી બધી શિક્ષણની સામગ્રી અને સુવિધાઓ ઘરમાં રહેલી છે એનો ખ્યાલ આ થોડાક અછડતા નિર્દેશોથી પણ આવી શકશે. ■

**સદ્‌ગત માતૃશ્રી શારદાબેન બટુભાઈ દેસાઈ, પિતાશ્રી બટુભાઈ હરિભાઈ દેસાઈ હરિયાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** કૌશિક તથા વનિતા દેસાઈ હરિયા

તરવાડીના તો નાકમાં અને મોંમા પાણી પેસી ગયું, તેથી દલો બહુ કરગરીને કહેવા લાગ્યો : 'ભાઈસા'બ ! છોડી દે. હવે કોઈ દિવસ ચોરી નહિ કરું. આજ એક વાર જીવતો જવા દે, તારી ગાય છું.''

વશરામ ભૂવાએ તરવાડીને બહાર કાઢયા અને જવા દીધા. તરવાડી ફરી વાર ચોરી કરવી ભૂલી ગયા, ને ભટ્ટાણીનો રીંગણાનો સ્વાદ સુકાઈ ગયો ! ■

# ભિક્ષા

રચનાર : રા. બટુભાઈ ઉમરવાડિયા

સખિ ! નયનોનાં આછાં એંધાણ.
સખિ ! નયનોનાં આડાં એંધાણ.
એંધાણ એ પિછાનો, સખિ !
સખિ ! હૈયાનાં ફુલડાંની માળ
સખિ ! હૈડાંનો મોંઘો પરમાર
માળ એ તો આપો, સખિ !
સખિ ! નયનોનાં આંસુની છાબ,
સખિ ! જાણે એ મોતીનો થાળ,
થાળ એહ આપો, સખિ !
સખિ ! હૈયાંની ગુંથીને દોર
સખિ ! રાસે જે બોલ્યાં અબોલ
બોલ એ ઉરાડો, સખિ !
સખિ ! ખેલ્યાં જે હોળીએ ઊર,
સખિ ! રંગ્યા જે અંતરના નૂર
નૂર એ જગાવો, સખિ !
સખિ ! માણી'તી માઝમ રાત
સખિ ! પ્રગટયાતા ત્યારે ઉજાસ
ઉજાસ એ ઉઘાડો, સખિ !
સખિ ! કુંજે જે દીઠો'તો મોર
સખિ ! નયનોમાં પૂર્યો'તો ચોર
ચોર એ દેખાડો, સખિ !
સખિ ! અંધારી પેલી હો રાત,
સખિ ! અજવાળાં ઊડયાં આકાશ,
આકાશ એ ઉરાડો, સખિ !
સખિ ! આત્માએ દીધો જે કોલ,
સખિ ! જાણે એ તો દિવ્ય બોલં
બોલ એ સુણાવો, સખિ !
સખિ ! ઉડયાં જે પાંખ્યાની સાથ,
સખિ ! પામ્યાં જેણે બ્રહ્મવાસ
પાંખ્ય એ પમાડો, સખિ !

આ રસ તરફ ધ્યાન દોરતા જાણીતા વિવેચક શ્રી રમેશભાઈ શુકલ લખે છે :

'વીસમી સદી' - મે ૧૯૨૦ના અંકમાં સ્વ. બટુભાઈ ઉમરવાડિયાની 'રાસ' પ્રકારની રચના છપાઈ હતી, જે તેમના 'સમગ્ર સાહિત્ય' - ગ્રંથમાં સંકલિત થઈ નથી. તે આજ સુધી અગ્રંથસ્થ રહી છે એમ સમજાય છે.



# મઝાની બાળવાર્તા : દલો તરવાડી

– ગિજુભાઈ

એક હતો તરવાડી. એનું નામ દલો. દલા તરવાડીની વહુને રીંગણાં બહુ ભાવે. એક દિવસ એણે દલાને કહ્યું : 'તરવાડી રે તરવાડી !''

તરવાડી કહે : 'રીંગણા ખાવાનું મન થયું છે. રીંગણા લાવો ને, રીંગણાં !!''

તરવાડી કહે : ''ઠીક''

તરવાડી તો હાથમાં ખોખરી લાકડી લઈ ઠચૂક ઠચૂક ચાલ્યા. નદીકાંઠે એક વાડી હતી ત્યાં ગયા, પણ વાડીએ કોઈ ન હતું. તરવાડીએ વિચાર કર્યા કે, હવે શું ? વાડીનો ધણી અહીં નથી અને રીંગણા કોની પાસેથી લેવાં ?

છેવટે તરવાડી કહે, વાડીનો ધણી નથી, તો વાડી તો છે ને ? ચાલો, વાડીને જ પૂછીએ !

દલો કહે : ''વાડી રે બાઈ વાડી!''

વાડી કાંઈ ન બોલી એટલે પોતે જ બોલ્યો : 'શું કહો છો, દલા તરવાડી?''

દલો કહે : ''રીંગણા લઉં બેચાર''

ફરી વાડી ન બોલી, એટલે વાડીને બદલે દલો કહે : 'લે ને દસ-બાર!''

દલા તરવાડીએ રીંગણા લીધાં અને ઘેર જઈ ઓળો કરીને તરવાડી તથા ભટ્ટાણીએ ખાધો.

હવે તો ભટ્ટાણીને રીંગણાનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ વાડીએ આવે ને ચોરી કરે. વાડીમાં તો રીંગણા ઓછાં થવા લાગ્યાં. વાડીના ધણીએ વિચાર કર્યો કે, જરૂર કોઈ ચોર લાગે છે, તેને પકડવો જોઈએ.

એક દિવસ સાંજે વાડીનો માલિક ઝાડ પાછળ સંતાઈને ઊભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યાં : 'વાડી રે બાઈ વાડી!''

પછી વાડીને બદલે પોતે જ કહે : ''શું કહો છો. દલા તરવાડી ?''

દલો કહે : ''રીંગણા લઉં બેચાર?''

અને વાડીને બદલે વળી દલો કહે : ''લે ને દસ-બાર''

દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણાં લીધાં. અને જયાં ચાલવા જાય છે ત્યાં તો વાડીનો ધણી ઝાડ પાછળથી નીકળ્યો ને કહે : 'ઊભા રહો, ડોસા ! આ રીંગણા કોને પૂછીને લીધાં ?''

દલો કહે : 'કોને પૂછીને કેમ ? આ વાડીને પૂછીને લીધા !''

માલિક કહે : 'પણ વાડી કાંઈ બોલે છે ?''

દલો કહે : ''વાડી નથી બોલતી, પણ હું તો બોલ્યો છું ના ?''

માલિક બહુ ગુસ્સો થયો અને દલા તરવાડીને બાવડે ઝાલી એક કૂવા પાસે લઈ ગયો. તરવાડીની કેડે એક દોરડું બાંધી તેને કૂવામાં ઉતાર્યો.

પછી માલિક, જેનું નામ વશરામ ભૂવો હતું તે, બોલ્યો : ''કૂવા રે ભાઈ કૂવા !''

અને કૂવાને બદલે વશરામ પોતે કહે : 'શું કહો છો, વશરામ ભૂવા ?''

વશરામ કહે : ''ડબકાં ખવરાવું બે-ચાર?''

વળી કૂવાને બદલે વશરામ બોલ્યો : ''ખવરાવ ને ભાઈ દસ-બાર !''

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. ઉષાબહેન અજીતભાઈ દેસાઈ ધમડાચી હાલ બોરીવલીના સ્મરણાર્થે**

**સ્મૃતિ સૌજન્ય :** પુત્રીઓ બંસી તથા કુંજન દેસાઈ ધમડાચી હાલ બોરીવલી, મુંબઈ

# તો કયારનાય ભારતના વડાપ્રધાન થઈ ગયા હોત !

– કે. કે. શાહ

કે.કે. શાહ મુંબઈ કોંગ્રેસના અગ્રણી નેતા. એક વાર એ મોરારજીને મળવા ગયા ત્યારે ઠાકોરભાઈ દેસાઈ ત્યાં તળપદી સુરતીમાં વાતો કરતા હતા. એમની તળપદી કરાડાફાળ બોલી સાંભળીને શાહે કહ્યું :

"અનાવિલોની ખુમારી, વહીવટી શકિત, ઈમાનદારી માટે મને માન છે પણ તેમની તળપદી બરછટ બોલી અને આખાબોલાપણા માટે મને જરાય માન નથી.

મોરારજીભાઈ અનાવિલ છે પણ એમની વાણીમાં વક્રતા નથી. એમનાં વચનો કડવાં ખરાં પણ દવાના ઘુંટડા જેવાં મીઠા હોય છે. બોલવાનું જરા આકરું ન હોત તો મોરારજી મોરારજીના દુશ્મન ન બનત !

એ પછી ટેબલ પર જમતાં જમતાં કે.કે. શાહે તેમની બાજુમાં બેઠેલા અનાવિલને પૂછયું, અનાવિલોની વિશેષતા શું ?

જવાબ મળ્યો : "અનાવિલો ઉત્તરમાંથી દક્ષિણ ગુજરાતના અનાદિપુર (અનાવલ) માં આવીને વસ્યા. અહિં અગસ્ત્ય મુનિનો આશ્રમ હતો. એ પ્રદેશ અરણયરૂપ હતો. ત્યાંના આદિવાસીઓ સાથે યુધ્ધો કરી તેમણે વિજય મેળવ્યો અને ત્યાં વર્ચસ્વ જમાવ્યું. આ પ્રજા બ્રાહ્મણ હોવા છતાં કર્મયોગમાં માને છે. તેઓ ગોરપદું કે કર્મકાંડ કરતા નથી. એમનું બ્રાહ્મણત્વ જનોઈ પહેરવામાં સંતાનના ઉપનયન સંસ્કાર કરાવવામાં, કેટલાક શાસ્ત્રોકત આચારોમાં રહેલું છે. એમનામાં ભિક્ષા માંગવાની વૃત્તિ કે પરોપજીવિતા કદાપિ જોવા નહીં મળે. એઓ ઉદ્યમી, પરાક્રમી, ખંતીલા અને સાહસવૃત્તિવાળા, સ્પષ્ટ વકતા, હૈયે તેવું હોઠની નીતિવાળા ખડતલ હોય છે. દંભ, ખોટો શિષ્ટાચાર, ભલો વિવેક તેમનામાં હોતો નથી... તૂટવું પસંદ કરશે પણ ઝૂકવું પસંદ ન કરે.... આ એમના જન્મગત ગુણો છે. આથી જ કાકાસાહેબ કાલેલકરે અનાવિલ શબ્દની વ્યુત્પતિ આપતાં જણાવ્યુંકે અન+આવિલ એટલે મેલ વિનાના તે અનાવિલ !"

કે.કે. શાહે આના પ્રતિભાવમાં જણાવ્યું કે :

"મોરારજીભાઈએ નમવાનું પસંદ ન કર્યું, સિધ્ધાંતમાં બાંધછોડ કરવાનું પસંદ ન કર્યું નહીં તો કયારનાય ભારતના વડાપ્રધાન થઈ ગયા હોત !" ■

## વરસાદના ૧૨ પ્રકાર

| | |
|---|---|
| ૧) ફર ફર | ૭) મોલિયો |
| ૨) છાંટા | ૮) ઢેફા ભાંગ |
| ૩) ફેરા | ૯) અરધિયો |
| ૪) કરા | ૧૦) અનરાધાર |
| ૫) પછેડિયો | ૧૧) સાંબેલાધાર |
| ૬) નેવાંધાર | ૧૨) હેલી |

આ બારેય પ્રકારના વરસાદ એક સાથે પડવાના શરૂ થાય તો **બારે મેઘ ખાંગા** થયા કહેવાય.

**સદ્‌ગત માતૃશ્રી મણિબહેન તથા પિતાશ્રી નિછુભાઇ ગુલાબભાઇ દેસાઇ તલાવચોરાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** રમેશભાઇ એન. દેસાઇ, તલાવચોરા, અંધેરી તથા સમસ્ત પરિવાર

# નાનકડી જિંદગીમાં....

**– સંકલિત**

અમારી એક બહેન કેનેડામાં રહે છે. એના પરિવારમાં છે એના પતિ, બે બાળકો અને થોડાં ઢોર. ખેતી કરે છે. ખૂબ મહેનતુ છે અને રાતે કમ્પ્યુટર પર બેસીને સારી સારી વાતો, હૃદયસ્પર્શી એવી ઘટનાઓ પોતાના મિત્રોને ઈ-મેલથી મોકલતી રહે છે. આવી એક ઘટના એના જ શબ્દોમાં રજૂ કરું છું :

કેટલાંક વરસ પહલાં અમેરિકાના સીએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. એક દિવસ નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે ઊભાં થઈ ગયાં. તે નવે નવ જણ જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વની શિકાર બનેલાં હતાં. તેમ છતાં તે નવ ભાઈ-બહેન એકસો મીટરની દોડ માટે એક કતારમાં ઊભાં રહી ગયાં હતાં. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું શરૂ કર્યું. દોડવાનું તો શું - લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડયાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે જેવાનું હતું.

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતાં. પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રડવા લાગ્યો.

બીજાં આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂકયાં હતાં, એમણે આનો રડવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં પાછાં ફરી ગયાં અને આ પડી ગયેલા છોકરા તરફ ચાલવા માંડયાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌધ્ધિક મંદત્વની શિકાર હતી. પેલા છોકરા પાસે આવીને તેણે નીચે નમીને તેને હાથ પકડયો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતાં એ બોલી, "ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે."

ત્યાર બાદ ફરી એ બધાં સ્પર્ધકો એકબીજાના હાથ પકડીને દોડના અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યાં અને બધાંએ મળીને એક સાથે દોરડું પાર કર્યું.

તે વખતે ત્યાં જેટલા યે દર્શકો હાજર હતા એમનાથી એ દ્રશ્ય ભૂલ્યું ભુલાતું નથી. કેમ કે પોતપોતાના હૃદયના ઊંડાણમાં આપણે બધાં એક વાતની બરાબર અનુભૂતિ કરતા રહીએ છીએ કે આ નાનકડી જિંદગીમાં કેવળ પોતાની જ જીત માટે કોશિશ કરતા રહેવાનું પૂરતું નથી. જરૂર એ છે કે આપણે સહુ આ જિંદગીમાં બીજાને જિતાડવામાં પણ સહાયક બનીએ, પછી ભલે ને તેમ કરતાં આપણી પોતાની ગતિ થોડીક ધીમી કરવી પડે અથવા આપણે આપણી રાહ થોડી બદલવી પડે. ■



**સદ્‌ગત માતૃશ્રી પદમાબેન તથા સદ્‌ગત પિતાશ્રી મોહનલાલ ગુલાબભાઈ દેસાઈ કઠોદરાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રી ગિરીશભાઈ મોહનલાલ દેસાઈ પરિવાર, કઠોદરા

મામી ધમધમ કરતી ચાલી રે મોસાળુ કરવા
કંકુલાવી, તેલલાવી, પીઠી ભૂલી આવી
રે...મોસાળુ કરવા મામી...
પાન લાવી, સોપારી લાવી, મીંઢણ ભૂલી આવી
રે...મોસાળુ કરવા મામી...
પાનેતર લાવી, ચૂડો લાવી, વરમાળા ભૂલી આવી
રે...મોસાળુ કરવા મામી...

ધન ધોળુને કથરોટ કાળી રે રંગમાં રંગતાળી
હે રમવા આવી કરણભાઈવાળી રે રંગમાં રંગતાળી
એણે પહેરી છે પચરંગી સાડી રે રંગમાં રંગતાળી
એ તો જાડીને વળી કાળી રે રંગમાં રંગતાળી
એને ચૂનો ચોપડીને કરો ગોરી રે રંગમાં રંગતાળી
રમવા આવી પ્રશાંતભાઈવાળી રે રંગમાં રંગતાળી
એણે પહેરી છે નવરંગ સાડી રે રંગમાં રંગતાળી
એ તો પાતળીને વળી ગોરી રે રંગમાં રંગતાળી
એને ઘી પાઈને કરો જાડી રે રંગમાં રંગતાળી

સૂપડું સવાલાખનું ઝાટકો રે ઝાટકો
દાણા એટલા પિયરીયાંને કાંકરા એટલા
વેવાઈઓ..સૂપડું
બોલો નિધિબેન તમારા સસરાજી છે કેવા ?
રંગે રૂડા, રૂપે પૂરા અમરીશપુરી જેવા
હેય કડવાં કારેલાં જેવા... સૂપડું સવાલાખનું...
બોલો નિધિબેન તમારાં સાસુજી છે કેવા ?
રંગે રૂડા, રૂપે પૂરા લલિતા પવાર જેવાં
એય તીખાં મરચાં જેવાં... સૂપડું સવાલાખનું...
બોલો નિધિબેન તમારા જેઠજી છે કેવા ?
રંગે રૂડા, રૂપે પ્રેમ ચોપડા જેવા
એય મશ્કરી કરે એવા... સૂપડું સવાલાખનું...
બોલો નિધિબેન તમારા નણદી છે કેવા ?
રંગે રૂડા, રૂપે પૂરા અક્ષરા જેવા
એય હુકમ કરે એવા... સૂપડું સવાલાખનું...
બોલો નિધિબેન તમારા પિયુજી છે કેવા ?
રંગે રૂડા, રૂપે રણબીર કપૂર જેવા
સૌને ગમે એવા... સૂપડું સવાલાખનું...

મેં તો મુંબઈથી મંગાવ્યો રે કચકડાંનો કાચ
એ કાચ કઈ વહુને આપ્યો રે કચકડાંનો કાચ
એ કાચ રીનાવહુને આપ્યો રે કચકડાંનો કાચ
લટિયાં પાડે, પટિયા પાડે, નખરા કરે આજ
એને સાનમાં સમજાવો રે કચકડાંનો કાચ
એ કાચ ડીમ્પલવહુને આપ્યોરે કચકડાંનો કાચ
સાડી પહેરે, સેલાં પહેરે, નખરા કરે આજ
એને સાનમાં સમજાવો રે કચકડાંનો કાચ
એ કાચ સંધ્યાવહુને આપ્યો રે કચકડાંનો કાચ
ગરબા કરે, ડીસ્કો કરે, ડાન્સ કરે આજ
એને સાનમાં સમજાવો રે કચકડાંનો કાચ

બીના દેસાઈ, સંદલપોર
૯૮૨૪૦ ૨૨૨૫૭, ૯૭૧૪૯ ૧૨૨૫૭

**સદ્‌ગત માતૃશ્રી અંબાબેન તથા પિતાશ્રી નાથુભાઈ ભીમભાઈ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી મગનલાલ નાથુભાઈ નાયક-વાસણ, તા. ગણદેવી.

# આપણું લોકસાહિત્ય
# આધુનિક ફટાણાં (લગ્નગીત)

– બીના દેસાઈ, સંદલપોર

લગ્ન જેવા આનંદના અવસરે ઘરના દરેક સભ્યો પોતપોતાની રીતે આનંદ માણે. સ્ત્રીઓ સીધી રીતે કોઈને કંઈપણ કહી ન શકે એટલે લગ્નગીતો, ખાયણાં, ફટાણાં જેવા માધ્યમથી પોતાના મનોભાવો કે કોઈને ન કહી શકાય એવી વાતો કહી શકે છે. એ રીતે મહિલાઓ આનંદ માણે છે. ટ્રેડીશનલ (પરંપરાગત) લગ્નગીતોમાં સાસરે જતી દીકરીને શિખામણો અપાય છે કે સાસરામાં કેવી રીતે રહેવું ? બદલાતા સમયની સાથે દરેક બાબતોમાં ઘણો બદલાવ આવી ગયો. તે જ રીતે લગ્નગીતોમાં પણ બદલાવ આવ્યો. મને પોતાને લગ્નગીતો ગાવાનો, ગવડાવવાનો ખૂબ શોખ. ડૉ. નલિનભાઈ દેસાઈનો લેખ 'જય શુકલેશ્વર'માં વાંચ્યો. એમના આમંત્રણને લઈને આ લેખ લખવાની પ્રેરણા મળી.

હોંશીલા સોનલબેનને સાલમુબારક
સાલમુબારકને લગ્નમુબારક
ભરીસભાના રાજા એવા પિતા બિરાજે,
વનવગના વાઘ જેવા સસરા કયાંથી શોધ્યા?
ભરીસભાના રાણી એવા માતા બિરાજે,
વનવગના વાઘણ જેવા સાસુ કયાંથી શોધ્યા?
વીંટીમાંના હીરા જેવા વીર બિરાજે,
છાણમાંના કીડા જેવા જેઠ કયાંથી શોધ્યા ?
મોગરાની વેણી જેવી બેની બિરાજે,
સસરાને જોઈ બેની નીંચુ નીંચુ નમજે (૨)
સાસુ કમળનું ફૂલ હો બેની સાસુ કમળનું ફૂલ
જેઠને જોઈ બેની આછા ઘૂંઘટ તાણજે, (૨)
જેઠાણી ચંપાનું ફૂલ હો બેની જેઠાણી ચંપાનું ફૂલ
દિયરને જોઈ બેની હસી નવ પડતી, (૨)
દેરાણી વહેમનું ફૂલ હો બેની દેરાણી વહેમનું ફૂલ
નણદોઈને જોઈ બેની ઘરના મહેમાન માનજે (૨)
નણંદ કવચનું ફૂલ હો બેની નણંદ કવચનું ફૂલ

મોસાળાનું ફટાણું - મામીને
મામા ઉતાવળ કરો રે મામી સટર પટરીયા
મામીને શેના શેના શોખ ? મામીને
બીએમડબલ્યુના શોખ
મામીને ગધેડે બેસાડો રે સટરપટરીયા... મામા ઉતાવળ...
મામીને શેના શેના શોખ ? મામીને સાડીના શોખ
મામીને કાછડે પહેરાવો રે સટરપટરીયા...મામા ઉતાવળ...
મામીને શેના શેના શોખ ? મામીને મેકઅપના શોખ
મામીને કાદવમાં રગદોળો રે
સટરપટરીયા...મામા ઉતાવળ...

# વૈશ્વિક કવિ સંમેલનમાં અનાવિલ યુવાનની સરાહના

અમેરિકાના લાસ વેગાસ ખાતે ઈન્ટરનેશનલ સોસાયટી ફોર પોએટ્રી દ્વારા યોજાયેલા વૈશ્વિક કવિ સંમેલનમાં કાવ્યસ્પર્ધામાં ધનોરી, (તા. ગણદેવી)ના ૨૩ વર્ષિય યુવાન કવિ ચિંતા શેલેન દેસાઈએ 'લાઈફ' કવિતા રજૂ કરી હતી. આ કવિતા વિશ્વના ટોચના પરીક્ષકોની આકરી કસોટીમાં પાસ થતાં દેસાઈને ક્રિસ્ટલ અને કોમેમોરેટીવ મેડેલિયન એવોર્ડ એનાયત થયો છે. વિશ્વના ૬૫થી વધુ દેશોના પંદરસો જેટલા કવિઓએ પોતાના કાવ્યો આ કાવ્યસ્પર્ધામાં રજૂ કર્યાં હતાં.

ચિંતન દેસાઈએ લંડનની હર્ટફોર્ડશાયર યુનિવર્સિટીમાં મોલેક્યુલર બાયોલોજિમાં માસ્ટર ઓફ સાયન્સની પદવી મેળવી છે અને આગળ પીએચ.ડી કરવાની તમન્ના ધરાવે છે. લંડનમાં ગોરા સમાજમાં લગ્ન કર્યા વગર સાથે રહેવાની અને એ દરમિયાન જન્મતા સંતાનોની અને છૂટાછેડાના વધતાં જતા પ્રમાણના વાતાવરણને નિહાળી આ વિજ્ઞાનના અનુસ્નાતક કવિ ચિંતનના હૃદય વીણાના તારો એક પળે ઝણઝણી ઊઠે છે અને 'લાઈફ' કાવ્યનું સર્જન થાય છે. એક પતિએ છૂટાછેડા લીધા બાદ પત્નીને ભૂલી શકતો નથી તેની લાગણી આ કાવ્યમાં વ્યકત કરાઈ છે.

આ પહેલાં આ કાવ્ય અમેરિકા ખાતે જ યોજાયેલી આંતરરાષ્ટ્રીય કાવ્ય સ્પર્ધામાં રજૂ થયું હતું. જેતે વિશ્વના ચુનંદા તંત્રીઓએ પસંદગીની મહોર પસંદ પામેલાં ઉત્તમ કાવ્યોના કાવ્યસંગ્રહ 'ટાઈમલેસ વોઈસીસ' નામના પ્રકાશિત પુસ્તકમાં ભારતના આ કવિનું કાવ્ય પ્રથમ ક્રમે પ્રગટ થયું છે.

આ કવિતા 'ચિંતકોનું ચિંતન' અને 'ભગિનીબંધુ સંબંધ સેતુ' પુસ્તક પ્રકાશિત થયાં છે.

■

---

Life

I love you,
I care for you a lot,
but not more than, you care for me
You are first for me,
But not all for me
Your one decision made my heart broken
But that will make your life heaven
I accept your decision,
U understand your situation
But do not fuly agree with your decision
After that, also, you are the same for me.
I love you so much...
I want you to always be happy.
It doesn't matter if you are with me or not
Every day my eyes lose tears.
i feel that you are near.
Miss you s lot, dear.

- Chintan Desai

---

**સદ્‌ગત માતૃશ્રી કમળાબેન તથા સદ્‌ગત પિતાશ્રી મગનલાલ નારણજી મહેતાના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** સુપુત્ર શ્રી દિનેશચંદ્ર મગનલાલ મહેતા પરિવાર સુરુચિ સોસાયટી, સુરત

# સંપાદકીય

## બાળ ઉછેર

■ ઈશ્વરચંદ્ર દેસાઈ

"બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને
વત્સલ મૂરત, સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને
- ઉમા શંકર જોષી

માતા અને બાળકનો સંબંધ અનોખો હોય છે. પિતા અને બાળકના સંબંધને પણ એજ વાત લાગુ પડે. બાળકના જન્મથી યુવા દંપતિને માત-પિતાનું સ્ટેટસ મળે છે. એ કેવળ હોદ્દો નથી, જવાબદારી પણ છે. કુટુંબમાં બાળકની હાજરીથી જાણે વસન્ત વરસી પડે છે. એનાં ગાન-ગુલતાન જાણે ટહુકતો બગીચો, એના કિલકિલાટથી ઘર સંગીતનો જલસો બની જાય, એના ખિલખિલાટ જાણે શિયાળાની સવારનો મુલાયમ તડકો !

બાળક કુમળો છોડ અવશ્ય છે પરંતુ માટીનો પિંડો નથી કે મીણનો લોંદો નથી કે જેવો ઘાટ ઘડવા માણીએ તેવો ઘાટ ઘડાય. એ તો એક સચેતન વ્યકિત છે, કેટલાક પાયાના ગુણધર્મો લઈને જન્મ્યો છે તેથી તે અનુસારજ એનો ઘાટ ઘડાશે. આપણું કામ એના આ ગુણધર્મો સમજવાનું છે. કહેવાયું છે કે child is the father of man એટલે કે બાળક માનવીનો પિતા છે.

બાળ-ઉછેર કરનારને આ તથ્ય જરૂર સમજાશે. બાળકને હસાવશો તો એ ખીલી ઉઠશે. એને ખીજાશો તો મુરઝાશે. વડીલોના ક્રોધ પર એની હાજરીથી અંકુશ મુકાશે. બાળક રીસાઈ જાય, જીદ કરે તો એને સજા કરવી ? સજા કરવાથી એ અબુધ બને, જડ બને, અપરાધી કે જિદ્દી બને. વડીલોએ પોતાના લાગણી તંત્ર પર સંયમ કેળવવો પડે. એને પ્રેમથી, સમજાવટથી જીદમાંથી બહાર કઢાય. કદાચ આથી જ એને 'ફાધર ઓફ મેન' કહેવું સફળ થાય.

બાળકને ડરાવવું, વધુ પડતા લાડ લડાવવાં, વધુ પડતી આળપંપાળ, વધુ પડતી ઈચ્છાપૂર્તિ કે વધુ પડતી સગવડ / સુવિધાઓથી પણ બચવું રહ્યું. બધામાં એક મર્યાદા સાચવવી રહી. બાળક બદલાશે તો આખી પેઢી બદલાશે, સમાજ બદલાશે. આજનું બાળક ઈન્ટરનેટ / મોબાઈલ યુગનું બાળક છે અત્યંત ચપળ, ચંચળ, બુધ્ધિશાળી અને ગુણગ્રાહી છે. આથી નવી શિક્ષિત પેઢીની જવાબદારી પણ અનેકઘણી વધી જાય છે. અનાવિલ યૌવન સક્ષમ તો છે જ પણ એ તૈયાર છે ને ? ■



શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ
અનાવલ પ્રકાશન
જય શુકલેશ્વર

● કાર્યાલય ●
શુકલેશ્વરધામ, અનાવલ
તા. મહુવા, જિ. સુરત - ૩૯૬ ૫૧૦.
ફોન : (૦૨૬૨૫) ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮
મો. ૯૪૨૬૨ ૧૫૨૪૦, પૂજા માટે : ૨૫૨૫૭૧
ભોજન માટે : ૭૯૮૪૪ ૭૨૬૩૪, ૯૭૨૬૦ ૬૩૦૧૦

● સંપાદક ●
પ્રિ. ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ
એ/૭-૮, ગૌતમ એપાર્ટમેન્ટ,
મોરારજી દેસાઈ માર્ગ, બીલીમોરા-૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૪૦૬૮/૨૮૯૮૦૫
E-mail : imdesaibim@gmail.com

● સંકલન કર્તા ●
ડૉ. પ્રફુલભાઈ દેસાઈ
સુરત
મો. ૯૮૭૯૪ ૧૬૯૦૨

● સહ સંપાદક ●
શ્રી દિલીપભાઈ દેસાઈ, વડોદરા. ફોન : (૦૨૬૫) ૨૪૮૬૬૬૫
પ્રા. શ્રી જશુભાઈ નાયક, નવસારી. ફોન : (૦૨૬૩૭) ૨૫૯૨૮૫

● પ્રમુખ ●
શ્રી સુમંતરાય મો. નાયક
પોંસરા.
મો. ૯૮૨૫૧ ૮૩૧૭૭

● મંત્રી ●
શ્રી જીતેન્દ્રભાઈ ધી. મહેતા
પીપલધરા.
મો. ૯૯૨૪૫ ૪૪૮૫૬

**"જય શુકલેશ્વર" લવાજમ શુભેચ્છા રકમ**

દેશમાં ૪,૦૦૦/- રૂ., નિભાવ રૂ. ૧,૦૦૦/-

● "જય શુકલેશ્વર"માં પ્રકાશિત લેખો, સમાચારો તેમજ જાહેરાતો માટેની જવાબદારી જે તે છપાવનાર સંબંધકર્તાની રહેશે. પ્રકાશક, સંપાદક કે શુ. મ. મંડળએ માટે જવાબદાર ગણાશે નહીં.

**અંકમાં શરત ચૂકથી છાપકામમાં થયેલ ભૂલને આગામી અંકમાં ભૂલ સુધાર તરીકે છાપવામાં આવશે.**

● દર માસની ૯ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.
● ૭ તારીખ સુધીમાં અનાવલ ઓફિસે મળેલ લેખો, સમાચારો, જાહેરાતોને આગામી અંકોમાં અવકાશે સ્થાન આપવામાં આવશે.
● અંકમાં છપાયેલ સામગ્રી બીજે છાપવા માટે શુ.મ.મંડળની પરવાનગી અનિવાર્ય.

**'જય શુકલેશ્વર'માં જાહેરાતની શુભેચ્છા રકમ જૂન-૨૦૧૮ થી સૂચિપત્ર**

| પેઈજ | વાર્ષિક | માસિક |
|---|---|---|
| કવર પેઈજ - ૪ | ૬૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૩ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૨ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| અંદરનું પાનું આખું | ૨૮,૦૦૦ | ૩,૦૦૦ |
| અંદરનું પાનું અડધું | ૨૦,૦૦૦ | ૨,૦૦૦ |
| અંદરનું પાનું અડધું (ફકત લગ્ન વિષયક) | | ૧,૫૦૦ |

**● શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ ટ્રસ્ટનાં દાનો માટે ખાસ નોંધ ●**

શ્રી શુકલેશ્વર મહાદેવ મંદિર ધામના વિકાસ તેમજ આપણા ઈષ્ટદેવની નિશ્રામાં ચાલતાં વિવિધ સામાજીક કાર્યો માટે દાનો સ્વીકારવામાં આવે છે. આ દાનો અંગેની જાણકારી ટ્રસ્ટી પદાધિકારીઓનો સંપર્ક સાધી મેળવી શકાય છે. વિવિધ દાનો 'શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ'ના નામ ના ક્રોસ ઑર્ડર એકાઉન્ટપેયી ડી.ડી./ચેકથી મોકલાવી શકાય છે.

**''જય શુકલેશ્વર''માં જાહેરાત કે લવાજમ શુભેચ્છા રકમ ''શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ''ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક દ્વારા અનાવલ શુકલેશ્વર ધામ મોકલાવી શકાય છે.**

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | - ઈશ્વરચંદ્ર | ૪ |
| ૨. | વૈશ્વિક કવિ સંમેલનમાં અનાવિલ યુવાનની સરાહના | | ૫ |
| ૩. | આપણું લોકસાહિત્ય આધુનિક ફટાણાં (લગ્નગીત) | - બીના દેસાઈ, સંદલપોર | ૬ |
| ૪. | નાનકડી જિંદગીમાં.... | - સંકલિત | ૮ |
| ૫. | તો કયારનાય ભારતના વડાપ્રધાન થઈ ગયા હોત ! | - કે. કે. શાહ | ૯ |
| ૬. | મઝાની બાળવાર્તા : દલો તરવાડી | - ગિજુભાઈ | ૧૦ |
| ૭. | બાળકના ઘડતરમાં ઘર | - ઝીણાભાઈ દેસાઈ | ૧૨ |
| ૮. | "આ વાટ અમુને ફિટ લાગે...' | | ૧૩ |
| ૯. | જીગીષા સમીપ દેસાઈ | | ૧૪ |
| ૧૦. | અછંદાસ રચના | - જીગીષા દેસાઈ | ૧૫ |
| ૧૧. | અડધી આલમ ! | - બકુલા ઘાસવાલા | ૧૬ |
| ૧૨. | કવિતામાં જીવંત રસ ધરાવનાર | - સુમંતરાય ડી. દેસાઈ | ૧૭ |
| ૧૩. | સિલિકોન વેલીના અતુલ્ય આદરણીય અનાવિલત્રય | - જયંત ધી. નાયક, ગંધોર | ૧૯ |
| ૧૪. | શ્રી પરાગજીભાઈ નાયક એક સમર્પિત જીવન-લેખક : રમેશ તન્ના | - બકુલા ઘાસવાલા | ૨૪ |
| ૧૫. | મારા જીવનનો યાદગાર પ્રસંગ (ભાઠેલી ભાસામાં) | - ભાનુબેન નાયક | ૨૬ |
| ૧૬. | સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૨૭ |
| ૧૭. | સંસ્થા સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૩૨ |

વેબસાઈટ : www.anaval-jayshukleshwar.org
ઈમેઈલ : jaishukleshwar@hotmail.com,
jayshukleshwar@gmail.com
કાર્યાલય મો. નંબર : ૦૯૪૨૬૨ ૧૫૨૪૦
**સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૨ થી ૬**

બટુકાકા ! ચા-નાસ્તો કર્યા પછી બટુકાકા બરાબર ખીલ્યા. કહેં "અમલસાડની વાતો કરો. સાંભળ્યું છે કે એ વિકસી રહ્યું છે. મને યાદ આવ્યા કરે છે." મારા સાઢુભાઈના પરિવારની માહિતી ખૂબ ભાવથી પૂછતા રહ્યા. આખી કુંડળી કાઢી ! તેમના દીકરા, વહુઓ, દીકરીઓ, જમાઈએ વિષે લાંબી વાતો થઈ. વળી અમલસાડ ગામ કાંચાતળાવના લગભગ તમામ પરિવારો વિશે પૂછતા રહ્યાં. એટલું જ નહીં આસપાસના પાંચ-છ ગામો તથા તેમના પરિવારો વિષે પણ બટુકાકાએ વિગતવાર પૃચ્છા કરી : હું આ વતનપ્રેમી, અનાવિલપ્રેમી બટુકાકાનો છૂપો વતનઝૂરાપો જોઈ શકતો હતો. મને થયું, બટુકાકા ભલે અમેરિકામાં રહેતા હોય, પણ જીવે છે તો અમલસાડમાં ! કેવો વતનપ્રેમ ! કોમ માટે હજી કેવો જીવંત ઉમળકો' ધન્ય બટુકાકા ! થોડી વાર પછી તેમણે મને પૂછયું, "જયંતભાઈ તમે અહીં ઘણું ફર્યા હશો. બીજું બધુ જવા દો, પણ તમને ખાસ સ્પર્શી ગયું હોય એ વિશે કહો. મેં કહ્યું, "બટુકાકા મને અહીં અંકલ સામનો સુરેખ ચહેરો કયાંય જોવા ન મળ્યો. જો જોયા તે જાપાનીસ, ચાઈનીસ, મેકિસકન, વિયેટનામી, ફ્રેંચ, સ્પેનિસ, ઈન્ડિયન ચહેરા હતા. બટુકાકા, કોઈ દેશ પોતાના સુરેખ ચહેરાવિના કયાં સુધી રહી શકે ? બટુકાકાએ મારી પીઠ થાબડી, કહ્યું "સરસ વાત કહીં, જાણે મારી મૂંઝવણનો પડઘો પાડયો ! તમારા પ્રશ્નનો જવાબ આવનારા કાળ આપશે. આપણી પાસે ભારત માતાનો સ્પષ્ટ ચહેરો છે. વળી 'ભારત માતા કી જય !' નો નારો પણ છે. એથી જ આપણો ભારત હજારો સાલથી અડીખમ ઊભો છે. અહીં અંકલ સામનો ચહેરો, અનેક ચહેરાઓના અડાબીડમાં અટવાઈ પડયો છે. અહીં અંકલ સામને કોઈ યાદ કરતું નથી, તો પછી "જય હો અંકલ સામ" નો નારો કયાંથી સંભળાઈ પછી વાત કરતા કરતા અટકયા. થોડી વાર શાંત રહ્યા પછી મને ઈન્ડિયા કયારે જાવ છો એમ પૂછયું. એ પ્રશ્નમાં, તેઓ હવે ઈન્ડિયા કયારે ય જઈ શકવાના નથી' એવો લાચારીનો ભાવ હતો.

સંજોગોવસાત, અમારે જલ્દી ઈન્ડિયા જવાનું થયું. થોડી બીજી વાતો કરી, ને સાંજ પડતાં અમે તેમની વિદાય લીધી. બટુકાકાને મેં ઝૂકીને વંદન કર્યા. પછી કહ્યું "તમારો સ્નેહ અને આત્મીયતા હું સદા યાદ કરતો રહીશ. તમારા સ્વસ્થ, દીર્ઘાયુ જીવનની કામના કરું છું. "બાય" મોડી સાંજે ઘરે પહોંચ્યા પછી દીકરી કહે "પપ્પા, તમને મજા આવી નહીં ? બટુકાકાને મજાથી ખુલીને વાત કરતા મેં આજે જ જોયા" થોડા દિવસો વીત્યા પછી, નિયત સમયે સાન ફ્રાંસિસકો એરપોર્ટ પહોંચ્યા. નિયત સમયે અમારું પ્લેન ટેક ઓફ થઈ ગયું. વિન્ડોસીટ પર બેઠાં બેઠાં અમેરિકાના નિવાસની સ્મૃતિઓને વાગોળતા રહ્યો. અનેક અનાવિલોના પરિચયોમાંથી એ ત્રણે અનાવિલો મને નોખા જણાયા હતા. તેમતી નિડરતા, સ્નેહ અને મીઠા સંબંધ મારે મન સદા ચિરસ્મરણીય કિંમતી ઉપહાર છે. પ્લેન સ્થિર ગતિએ ઉડતું રહ્યું. મારા ચિત્તમાં પેલું ગીતનું મુખડું ફરી ગુંજવા લાગ્યું.

"જારે..જારે ઉડજા રે પંછી ! બહારો કે દેશ જારે... યહાં કયા હૈ

તેરા પ્યારે...! પણ ભવાસંદર્ભ જરા જુદો...! અસ્તુ...! ■

---

જિંદગીમાં એટલું 'ભારે'
કશું જ નથી હોતું
જે હળવુ ન થઈ શકે.
આપણે બસ થોડુક
'જતું' કરવાનું હોય છે.